રાજ્યમાં ત્રણ નવા સરકારી ચિલ્ડ્રન હોમ ફોર બોયઝ અને બે નવા સરકારી ચિલ્ડ્રન હોમ ફોર ગર્લ્સ એમ કુલ પાંચ જુદાં જુદાં જિલ્લાઓમાં પાંચ નવા સરકારી બાળગૃહ શરૂ કરવા અંગે રૂ.૬૮૨.૨૫ લાખનો ખર્ચ કરવાની વહીવટી મંજૂરી આપવા બાબત.

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ જજઅ/૧૦/૨૦૧૮/૬૬૫૦૫૪/છ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ ૦૯/૦૯/૨૦૧૯.

## વંચાણે લીધા:-

(૧) નિયામકશ્રી, સમાજ સુરક્ષા, ગાંધીનગરનો તા.૨૪/૦૬/૨૦૧૯નો પત્ર ક્રમાંકઃ સસુખા/CPD/નવી બાબત/૨૦૧૯-૨૦/૧૮૧૨.

(૨) નિયામકશ્રી, સમાજ સુરક્ષા, ગાંધીનગરનો તા.૦૩/૦૮/૨૦૧૯નો પત્ર ક્રમાંકઃ સસુખા/યજન/નવી-બાબત/૨૦૧૯-૨૦/૩૨૭ અને ૩૩૨ તથા તા.૦૩/૦૯/૨૦૧૯નો પત્ર ક્રમાંકઃ સસુખા/યજન/નવી-બાબત/૨૦૧૯-૨૦/૪૦૫.

## આમુખ:-

ભારત સરકારના ધ જુવેનાઈલ જસ્ટીસ (કેર એન્ડ પ્રોટેક્શન ઓફ ચિલ્ડ્રન) એક્ટ, ૨૦૧૫ (૨૦૦૬નો ૨-જો) ની કલમ-૫૦ની પેટા કલમ (૧) માં કરવામાં આવેલ જોગવાઈ મુજબ રાજ્ય સરકારે દરેક જિલ્લામાં અથવા જિલ્લાઓના સમૂહમાં, સ્વયં અથવા સ્વૈચ્છિક સંસ્થા અથવા બિનસરકારી સંસ્થા દ્વારા બાળગૃહો સ્થાપવા તથા જાળવવાના રહેશે, જેને કાળજી અને જરૂરીયાત વાળા બાળકોને તેઓની કાળજી, સારવાર, શિક્ષણ, તાલીમ, વિકાસ તથા પુન:સ્થાપન માટે નોંધવાનું રહેશે.

પ્રસ્તુત બાબતે ભારત સરકારની ઈન્ટિગ્રેટેડ ચાઇલ્ડ પ્રોટેક્શન સ્કિમ (ICPS) CSS(60:40)ની માર્ગદર્શિકા અંતર્ગત રાજ્યનાં મહેસાણા, દેવભુમિ દ્વારકા અને ગીર સોમનાથ એમ ૩ (ત્રણ) જિલ્લાઓમાં સરકારી ચિલ્ડ્રન હોમ ફોર બોયઝ તથા અરવલ્લી અને મહિસાગર એમ ૨ (બે) જિલ્લાઓમાં સરકારી ચિલ્ડ્રન હોમ ફોર ગર્લ્સ મળી કુલ ૫

(પાંચ) બાળગૃહ શરૂ કરવા માટે બાળગૃહ દીઠ કુલ ૧૦ (દસ) જગ્યાઓનું મહેકમ માસિક ફિક્સ પગારનાં ધોરણે ઉભું કરવા અંગેની નવી સેવાની રૂ.૬૮૨.૨૫ લાખની જોગવાઈનો વર્ષ ૨૦૧૯-૨૦નાં અંદાજપત્રમાં સમાવેશ કરવાની વંચાણે લીધેલા ક્રમાંકઃ (૧) અને (૨)ની નિયામકશ્રી(સ.સુ.)ની દરખાસ્ત અન્વયે ઉક્ત પાંચ જિલ્લાઓમાં કુલ પાંચ નવા બાળગૃહો શરૂ કરવા માટે નવી બાબતની રૂ.૬૮૨.૨૫ લાખની વર્ષ ૨૦૧૯-૨૦નાં અંદાજપત્રમાં જોગવાઇ થયેલ છે. જે ધ્યાને લઇ ઉક્ત નવી બાબતને વહીવટી મંજૂરી આપવા માટે વંચાણે લીધેલા ક્રમાંકઃ (૨)ની નિયામકશ્રી(સ.સુ.)ની દરખાસ્ત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

## <u>ઠરાવઃ</u>

પુખ્ત વિચારણાને અંતે નિયામકશ્રી, સમાજ સુરક્ષા, ગાંધીનગરના વંચાણે લીધેલા ક્રમાંકઃ (૧) અને (૨) પરના પત્રોથી કરવામાં આવેલ દરખાસ્તના અનુસંધાને રાજ્યનાં મહેસાણા, દેવભુમિ દ્વારકા અને ગીર સોમનાથ એમ ૩ (ત્રણ) જિલ્લાઓમાં સરકારી ચિલ્ડ્રન હોમ ફોર બોયઝ તથા અરવલ્લી અને મહિસાગર એમ ૨ (બે) જિલ્લાઓમાં સરકારી ચિલ્ડ્રન હોમ ફોર ગર્લ્સ મળી કુલ ૫ (પાંચ) બાળગૃહ શરૂ કરવા માટે બાળગૃહ દીઠ નીચે મુજબનું કુલ ૧૦ (દસ) જગ્યાઓનું મહેકમ ગણતા ૫(પાંચ) બાળગૃહો માટે કુલ ૫૦ (પચાસ) જગ્યાઓ ૧૧ માસ માટે કરારથી માસિક ફિક્સ પગારનાં ધોરણે ઉભું કરવાની વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

### <u>૫૦ બાળકોની મર્યાદા વાળા એક બાળગૃહ માટેનું કરાર આધારીત મહેકમ</u>

| ક્રમ | કર્મચારી ગણનો હોદ્દો | સંખ્યા | માસિક વેતન રૂ. | વાર્ષિક અંદાજ ખર્ચ (રૂપિયા) |
|---|---|---|---|---|
| ૧ | ઓફિસ ઇન્ચાર્જ/સુપ્રિટેન્ડેન્ટ (૧૧ માસ કરાર આધારીત) | ૧ | ૨૫,૦૦૦ | ૩,૦૦,૦૦૦ |
| ૨ | કાઉન્સેલર (૧૧ માસ કરાર આધારીત) | ૧ | ૧૭,૫૦૦ | ૨,૧૦,૦૦૦ |
| ૩ | પ્રોબેશન ઓફિસર/બાળ કલ્યાણ અધિકારી/ કેસવર્કર (૧૧ માસ કરાર આધારીત) | ૧ | ૧૩,૦૦૦ | ૧,૫૬,૦૦૦ |
| ૪ | ગૃહપતિ/ગૃહમાતા (૧૧ માસ કરાર આધારીત) | ૨ | ૧૧,૦૦૦ | ૨,૬૪,૦૦૦ |
| ૫ | સહાયક તબીબી કર્મચારી (૧૧ માસ કરાર આધારીત) | ૧ | ૯,૦૦૦ | ૧,૦૮,૦૦૦ |
| ૬ | સ્ટોરકિપર સહ હિસાબનીશ (૧૧ માસ કરાર આધારીત) | ૧ | ૧૪,૦૦૦ | ૧,૬૮,૦૦૦ |
| ૭ | રસોઇયા (૧૧ માસ કરાર આધારીત) | ૧ | ૭,૫૦૦ | ૯૦,૦૦૦ |
| ૮ | હેલ્પર (૧૧ માસ કરાર આધારીત) | ૧ | ૬૦૦૦ | ૭૨,૦૦૦ |

| | | | | |
|---|---|---|---|---|
| ૯ | હાઉસકિપર (૧૧ માસ કરાર આધારીત) | ૧ | ૬૦૦૦ | ૭૨,૦૦૦ |
| ૧૦ | તાલીમ આપનાર (સ્વૈચ્છિક/પાર્ટ ટાઇમ) | | રાજ્ય સરકારની અન્ય વિભાગોની યોજનાઓ સાથે સંકલન કરી/સિવિલ સોસાયટી/આઉટ સોર્સિંગથી સેવાઓ લેવાની રહેશે, અને સંકલન શક્ય ન હોય ત્યાં ઇન્ટિગ્રેટેડ ચાઇલ્ડ પ્રોટેકશન સ્કિમ(ICPS) હેઠળ રાજ્યોને આપવામાં આવતા યુનાઇટેડ/ફ્લેક્ષી ફંડમાંથી આનો ઉપયોગ કરવાની જોગવાઇ છે. | |
| ૧૧ | તબીબી (સ્વૈચ્છિક/પાર્ટ ટાઇમ) | | | |
| ૧૨ | આર્ટ/ક્રાફ્ટ/સંગીત શિક્ષક (સ્વૈચ્છિક/પાર્ટ ટાઇમ) | | | |
| ૧૩ | કસરત શિક્ષક કમ યોગ શિક્ષક (સ્વૈચ્છિક/પાર્ટ ટાઇમ) | | | |
| | કુલ | ૧૦ | | ૧૪,૪૦,૦૦૦ |

ભારત સરકારની ઈન્ટિગ્રેટેડ ચાઇલ્ડ પ્રોટેક્શન સ્કિમ (ICPS) CSS(60:40)ની માર્ગદર્શિકા અંતર્ગત રાજ્યનાં મહેસાણા, દેવભુમિ દ્વારકા અને ગીર સોમનાથ એમ ૩ (ત્રણ) જિલ્લાઓમાં સરકારી ચિલ્ડ્રન હોમ ફોર બોયઝ તથા અરવલ્લી અને મહિસાગર એમ ૨ (બે) જિલ્લાઓમાં સરકારી ચિલ્ડ્રન હોમ ફોર ગર્લ્સ મળી કુલ ૫ (પાંચ) બાળગૃહ શરૂ કરવા માટે થનાર કુલ રૂ.૬૮૨.૨૫ લાખના આવર્તક અને અનાવર્તક ખર્ચને ધ્યાને લેતાં વર્ષ ૨૦૧૯-૨૦નાં અંદાજપત્રમાં કેન્દ્ર સરકારનાં ૬૦% લેખે રૂ.૪૦૯.૩૫ લાખ તથા રાજ્ય સરકારનાં ૪૦% લેખે રૂ.૨૭૨.૯૦ લાખનો ફાળો મળી કુલ રૂ.૬૮૨.૨૫ લાખ (રૂ.૪૦૯.૩૫ લાખ + રૂ.૨૭૨.૯૦ લાખ)ની જોગવાઈનો ખર્ચ કરવાની નીચે જણાવેલ શરતોને આધીન આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

## શરતોઃ-

(૧) આ મંજૂરી હેઠળ સ્થપાયેલ નવા સરકારી ચિલ્ડ્રન હોમ ફોર ગર્લ્સમાં મહિલા કર્મચારીઓની ૧૧ માસના કરાર આધારે નિમણૂંક કરવાની રહેશે.

(૨) આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦ની અંદાજપત્રીય જોગવાઈને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહશે.

(3) પ્રસ્તુત બાબતે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા જરૂરીયાત પ્રમાણે આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.

(૪) આ અંગેનો ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો-વખતના લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પદ્ધતિથી કરવાનો રહેશે.

(૫) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૬) આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિદ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૭) કોમ્પ્યુટરની જાણકારી માટે પ્રવર્તમાન ભરતી નિયમાનુસાર ઉમેદવાર નિયત થયેલ કોમ્પ્યુટર કૌશલ્યની પરીક્ષા પાસ કરેલ/લાયકાત ધરાવતા હોવા જોઇશે.

(૮) રાજ્ય સરકાર દ્વારા વખતો-વખત નિયત કાર્યભારણનો ચૂસ્તપણે અમલ કરવાનો રહેશે.

(૯) નવી મંજૂર કરેલ જગ્યાઓની સેવાઓ જો આઉટસોર્સથી લેવાની હોય તો સામાન્ય વહીવટ વિભાગના તા.૦૧/૦૪/૨૦૧૦ના ઠરાવની જોગવાઈઓ ધ્યાને લેવાની રહેશે તથા જગ્યાઓ ભરવા ઉક્ત ઠરાવની જોગવાઈઓ અનુસાર કાર્યવાહી કરવાની રહેશે.

(૧૦) ૧૧ માસ માટે કરારથી ફિક્સ પગારનાં ધોરણે જગ્યાઓની ભરતીની લાયકાતો અને ભરતીના નિયમો તથા સેવાઓની બોલીઓ અને શરતો મંજૂર કરાવ્યા બાદ આ જગ્યાઓની ભરતીની કાર્યવાહી કરવાની રહેશે.

(૧૧) આ યોજના હેઠળ ભારત સરકાર તરફથી મળનાર ફાળાની રકમ સમયમર્યાદામાં મેળવી લેવાની કાળજી રાખવાની રહેશે.

(૧૨) આ મંજૂરી હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

મહેસાણા, દેવભુમિ દ્વારકા, ગીર સોમનાથ, અરવલ્લી અને મહિસાગર એમ કુલ ૫(પાંચ) જિલ્લાઓ ખાતે નવા બાળગૃહ શરૂ કરવા અંગેનો ખર્ચ માંગણી નં.૯૨, મુ.સ.-૨૨૩૫-૦૨-૧૦૨-૦૩-એસ.એસ.ડબલ્યુ.-૦૪ બજેટ હેડ હેઠળ પાડવાનો રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણાં વિભાગની તા.૨૩/૦૮/૨૦૧૯ની નોંધથી મળેલ સંમતિ અન્વયે રવાના કરવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

( જી. બી. વણઝારા )
સેક્શન અધિકારી,
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ

પ્રતિ,

- માન. મંત્રીશ્રી (સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, બ્લોક નં.૧૬, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- કમિશ્નરશ્રી, વિકલાંગ કમિશ્નરશ્રીની કચેરી, બ્લોક નં.૧૬, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નાયબ સચિવશ્રી (કરકસર), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણાકીય સલાહકારશ્રી (સા.ન્યા.), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- ઉપ સચિવશ્રી, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- કલેક્ટર અને જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, મહેસાણા/ દેવભુમિ દ્વારકા/ ગીર સોમનાથ/ અરવલ્લી/મહિસાગર.
- મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ગુજરાત સ્ટેટ ચાઇલ્ડ પ્રોટેક્શન સોસાયટી, બ્લોક નં. ૧૯/૩, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- એકાઉન્ટટ જનરલશ્રી, ગુજરાત, અમદાવાદ / રાજકોટ.
- જિલ્લા તિજોરી અધિકારીશ્રી, મહેસાણા/ દેવભુમિ દ્વારકા/ ગીર સોમનાથ/ અરવલ્લી/મહિસાગર.
- સર્વે જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓ (મારફતે:- નિયામકશ્રી, સમાજ સુરક્ષા, બ્લોક નં. ૧૬, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર)
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- ડિસ્ટ્રિક્ટ ચાઇલ્ડ પ્રોટેક્શન યુનિટ, મહેસાણા/ દેવભુમિ દ્વારકા/ ગીર સોમનાથ/ અરવલ્લી/મહિસાગર.
- છ-૧ શાખા/બજેટ શાખા, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ.
- સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ-વિભાગની વેબસાઇટ પર મુકવાની વિનંતી સહ.
- સિલેકટ ફાઈલ.